# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. દિલ્હી વિસ્ફોટના ષડયંત્રકારીઓને છોડવામાં નહીં આવે તેમ ભૂટાનના પ્રવાસ દરમિયાનના સંબોધનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું
2. દિલ્હી વિસ્ફોટ બાદની સ્થિતિની સમીક્ષા માટે કેન્દ્રીય ગૃહમંત્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક.... દેશભરમાં હાઇએલર્ટ
3. બિહારમા બીજા તબક્કાનું અગિયાર વાગ્યા સુધીમાં 31.38 ટકા જેટલુ મતદાન
4. ભારતે આતંકવાદમાં ઉપયોગમાં લેવાતા ગેરકાયદેસર શસ્ત્રોને નાણાં પૂરા પાડનારા સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવવા અપીલ કરી
5. આજે પુડુચેરીમાં પ્રથમ વિશ્વયુદ્ધના અંતની ૧૦૭મા વર્ષની ઉજવણી

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-THIMPU ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે દિલ્હીમાં બનેલી ભયાનક ઘટના પાછળના કાવતરાખોરોને છોડવામાં આવશે નહીં અને જવાબદાર તમામ લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે. ભૂટાનના થિમ્પુમાં એક કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, તેઓ ગઈકાલે આખી રાત આ ઘટનાની તપાસમાં સામેલ એજન્સીઓ સાથે સંપર્કમાં રહ્યા હતા. તેમણે ખાતરી આપી હતી કે એજન્સીઓ આ ષડયંત્રના મૂળ સુધી જશે.

(બાઇટ- નરેન્દ્ર મોદી ઓન એજન્સી ચેકીંગ )

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજે તેઓ ખૂબ જ ભારે હૃદય સાથે ભૂટાન આવ્યા છે અને ગઈકાલે સાંજે દિલ્હીમાં બનેલી ઘટનાએ બધાને ખૂબ જ વ્યથિત કર્યા છે. શ્રી મોદીએ કહ્યું કે, તેઓ અસરગ્રસ્ત પરિવારોનું દુઃખ સમજે છે અને આખો રાષ્ટ્ર તેમની સાથે ઉભો છે.

(બાઇટ- પીએમ ઓન દિલ્હી બ્લાસ્ટ)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજનો દિવસ ભૂટાન માટે, ભૂટાનના રાજવી પરિવાર માટે અને વિશ્વ શાંતિમાં માનતા તમામ લોકો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે, સદીઓથી ભારત અને ભૂટાન વચ્ચેના સંબંધો ખૂબ જ ઊંડા, સૌહાર્દપૂર્ણ અને સાંસ્કૃતિક રહ્યા છે, તેથી, આ મહત્વપૂર્ણ

પ્રસંગે ભાગ લેવો એ ભારત અને તેમના માટે પણ મહત્વપૂર્ણ હતો. દિલ્હી વિસ્ફોટના પીડિત પરિવારો માટે ભૂતાનમાં પ્રાર્થના પણ કરાઇ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH SECURITY MEET

ગઈકાલે નવી દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર વિસ્ફોટ બાદ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કર્તવ્ય ભવનમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ, ગુપ્તચર બ્યુરોના ડિરેક્ટર, દિલ્હી પોલીસ કમિશનર અને રાષ્ટ્રીય તપાસ એજન્સી ના ડિરેક્ટર જનરલ ઉપસ્થિત છે. જમ્મુ અને કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક વર્ચ્યુઅલી બેઠકમાં જોડાયા છે.

ઘટના પછી તરત જ તમામ સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા કડક કરવામાં આવી છે. વિસ્ફોટના કારણ અને સંજોગો નક્કી કરવા અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવા અને સામાન્યતા પુનઃસ્થાપિત કરવા માટે તપાસ થતી હોવાથી અધિકારીઓ વધુ સતર્કતા રાખી રહ્યા છે.

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક ગઈકાલે એક કારમાં થયેલા વિસ્ફોટમાં આઠ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.

-------------

## RAJNATH-EARLY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દિલ્હી કાર બોમ્બ વિસ્ફોટ માટે જવાબદાર લોકોને કોઈપણ સંજોગોમાં છોડવામાં નહીં આવે તેવી ખાતરી આપી છે.

આજે નવી દિલ્હીમાં દિલ્હી સંરક્ષણ સંવાદમાં સંબોધન કરતાં શ્રી સિંહે જણાવ્યું કે મુખ્ય તપાસ એજન્સીઓ ઘટનાની ઝડપી અને સંપૂર્ણ તપાસ કરી રહી છે. તેમણે કહ્યું કે તપાસના તારણો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. શ્રી સિંહે માર્યા ગયેલા તમામ લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GUJARAT CHECKING

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કારમાં થયેલા વિસ્ફોટ બાદ ગુજરાત રાજ્ય પોલીસ દ્વારા વિવિધ જિલ્લામાં તપાસ કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં સચિવાલયમાં પણ પોલીસ સઘન તપાસ કરી રહી છે. સરકારી અને ખાનગી તમામ વાહનોની તપાસ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત તમામ શહરો અને ભીડભાડ વાળા વિસ્તારોમાં સઘન તપાસ કરાઇ રહી છે. હૉટેલ, એસટી ડેપો, રેલવે સ્ટેશનો અને આવતા-જતા વાહનોની તપાસ હાથ ધરાઈ છે. **SOG**, સ્થાનિક ગુનાશાખા – **LCB** સહિતની તમામ પોલીસમથકની ટુકડી તપાસની કામગીરીમાં જોડાઈ છે. આ ઉપરાંત ત્વરિત પ્રતિભાવ દળ ,ડૉગ સ્ક્વોડની ટીમ ખડે પગે છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ, દ્વારકા, અંબાજી જેવા પ્રસિધ્ધ યાત્રાધામોમાં પણ સલાતમીની ચુસ્ત વ્યવસ્થા કરાઇ છે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K- HIGH ALERT KATRA TN-SECURITY

દિલ્હીમાં તાજેતરમાં થયેલા વિસ્ફોટને પગલે જમ્મુ કાશ્મીરમાં શ્રી માતા વૈષ્ણોદેવી યાત્રાધામના બેઝ કેમ્પ કટરા અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન કરાઇ છે.

આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, યાત્રાળુઓ અને રહેવાસીઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ પ્રદેશને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યો છે.

તમિલનાડુમાં મહત્વપૂર્ણ સ્થળોએ સુરક્ષા કડક કરવામાં આવી છે. ચેન્નાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મુસાફરોને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સના

સમયપત્રકના સાડા ત્રણ કલાક પહેલા અને સ્થાનિક ફ્લાઇટ્સના દોઢ કલાક પહેલા રિપોર્ટ કરવા કહેવામાં આવ્યું છે.

એરપોર્ટની આસપાસ પાંચ સ્તરીય સુરક્ષા ગોઠવવામાં આવી છે. તેવી જ રીતે અન્ય એરપોર્ટ, રેલ્વે સ્ટેશન, પ્રખ્યાત મંદિરો અને લોકોની ભીડવાળા મુખ્ય વિસ્તારોમાં વધારાની સુરક્ષા ગોઠવવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

## FUR. REV. DAY BIHAR POLLING

બિહારમાં, વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં આજે અત્યાર સુધીમાં 31.38 ટકા મતદાન નોંધાયું છે. આ તબક્કામાં 20 જિલ્લાઓના 122 મતવિસ્તારો માટે મતદાન થઈ રહ્યું છે. 136 મહિલાઓ સહિત 1,302 ઉમેદવારોનું ભાવિ 3 કરોડ 70 લાખથી વધુ મતદાતાઓ નક્કી કરશે.

સવારે 7 વાગ્યે શરૂ થયેલ મતદાન સાંજે 6 વાગ્યે પૂર્ણ થશે, જો કે 7 મતવિસ્તારોમાં સુરક્ષાના કારણોસર સાંજે 5 વાગ્યે મતદાન પૂર્ણ થશે. ચૂંટણી પંચે સરળ મતદાન માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે. ગયા જી અને કિશનગંજમાં સૌથી વધુ મતદાન થયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારના મતદાતાઓને પૂરા ઉત્સાહ સાથે તેમના મતાધિકારનો ઉપયોગ કરવા વિનંતી કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ રાજ્યના તમામ યુવા મતદાતાઓ જે પહેલી વાર તેમના મતાધિકારનો ઉપયોગ કરશે તેમણે પણ ઉત્સાહ પૂર્વક મતદાન કરવા અપીલ કરી છે. પ્રથમ તબક્કાની ચૂંટણી આ મહિનાની 6 તારીખે યોજાઈ હતી, મતગણતરી આ મહિનાની 14 તારીખે હાથ ધરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**BY POOLING**

દેશના સાત રાજ્યોની આઠ વિધાનસભા બેઠકો માટે આજ સવારથી શાંતિપૂર્ણ માહોલમાં પેટાચૂંટણીનું મતદાન ચાલી રહ્યું છે.

ઓડિશાના નુઆપાડા વિધાનસભા મતવિસ્તારમાં આજે સવારે કડક સુરક્ષા વચ્ચે પેટાચૂંટણી માટે મતદાન શરૂ થયું. ભારતીય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આજે સવારે 11 વાગ્યા સુધી 32.51 ટકા મતદાન નોંધાયું છે.

ઝારખંડમાં ઘાટશિલા વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી માટે કડક સુરક્ષા વચ્ચે મતદાન ચાલી રહ્યું છે. ભારતીય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આજે સવારે 9 વાગ્યા સુધીમાં 17.33 ટકા મતદાન નોંધાયું છે.

તેલંગાણામાં, જ્યુબિલી હિલ વિધાનસભા મતવિસ્તારમાં પેટા ચૂંટણીમાં સવારે 9 વાગ્યા સુધીમાં 9.2 ટકા મતદાન નોંધાયું હતું.

આ ઉપરાંત અન્ય રાજ્યોની વિધાનસભાની પેટા ચૂંટણીમાં પણ સુચારુ રૂપે મતદાન ચાલી રહ્યું હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA UNSC

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને આતંકવાદમાં ઉપયોગમાં લેવાતા ગેરકાયદેસર શસ્ત્રોને નાણાં પૂરા પાડનારા અને દાણચોરી કરનારાઓ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવવા અપીલ કરી છે.

નાના શસ્ત્રો પર યુએનમાં ચર્ચા દરમિયાન, ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત પી. હરીશે જણાવ્યું કે, દેશ દાયકાઓથી સરહદ પારના આતંકવાદ સામે લડી રહ્યો છે, જે ઘણીવાર ગેરકાયદેસર શસ્ત્રોની દાણચોરી દ્વારા વિનાશક થાય છે.

પાકિસ્તાનનો પરોક્ષ ઉલ્લેખ કરતા શ્રી હરીશે ચેતવણી આપી કે આતંકવાદી જૂથોની નાના શસ્ત્રો સુધી પહોંચ એક ગંભીર વૈશ્વિક ખતરો છે જેનો સામનો સામૂહિક રીતે કરવો જોઈએ.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ARMISTICE DAY PUDUCHERRY

આજે પુડુચેરીમાં પ્રથમ વિશ્વયુદ્ધના અંતની ૧૦૭ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. પુડુચેરી સરકાર અને ફ્રેન્ચ કોન્સ્યુલેટ દ્વારા સંયુક્ત રીતે આ સ્મૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. નવેમ્બર ૧૯૧૮માં આ દિવસે પ્રથમ વિશ્વયુદ્ધના સાથી દેશો અને જર્મની વચ્ચે યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ભારતમાં ફ્રેન્ચ રાજદૂત થિએરી માથૌ, ફ્રેન્ચ કોન્સ્યુલ જનરલ એટીન રોલેન્ડ-પીગ અને પુડુચેરી જિલ્લા કલેક્ટર કુલોથુંગને બીચ રોડ પર ફ્રેન્ચ યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન પોતાના જીવનું બલિદાન આપનારા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

અગાઉ, ભારત અને ફ્રાન્સના રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યા હતા, ત્યારબાદ બંને દેશોના રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યા હતા અને મૌન પાળવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA - CHILE

ભારત અને ચિલી ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનતા અને ગ્રીન એનર્જી જેવા સમકાલીન સુસંગતતાના નવા અને ઉભરતા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ સુદ્રઢ કરવા સહમત થયા છે.

ગઈકાલે સેન્ટિયાગોમાં 9મી ભારત-ચીલી વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક યોજાઈ હતી. તેની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રાલયમાં સચિવ (પૂર્વ) પી. કુમારન અને ચિલીના વિદેશ મંત્રાલયના સચિવ જનરલ રોડ્રિગો ઓલ્સેન દ્વારા કરવામાં આવી હતી. બંને પક્ષોએ વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, પરંપરાગત દવાઓ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ખાણકામ અને ખનિજ સંશોધન, સંરક્ષણ, નાગરિક પરમાણુ ટેકનોલોજી, શિક્ષણ, અવકાશ, કૃષિ અને લોકોથી લોકો સુધીના આદાનપ્રદાન સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા સંમત થયા હતા.

ભારતે ચીલીને ખનિજ સંસાધનોના પુરવઠા માટે લાંબા ગાળાના કરારો પર વિચાર કરવા વિનંતી કરી. બેઠક દરમિયાન, બંને પક્ષોએ એપ્રિલ **2025**માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ બોરિક વચ્ચે ચર્ચાયેલા મુદ્દાઓની પ્રગતિની સમીક્ષા કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .